**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૯ એપ્રિલ ૨૦૧૨**

**માછીમારોને ૪ ટકા વ્યાજ અને ડિઝલની સબસીડી શરૂ કરવા માટે**
**આગેવાની લેવાનું કૃષી પ્રધાન શ્રી શરદ પવાર નું આશ્વાસન**

**મુંબઈ, રવિવાર :** માછીમારોને અપાતી લોન ૫ર વ્યાજ નો દર ૪ ટકા કરવા માટે તેમજ ડિઝલ પરની સબસીડી લિટર દીઠ રૂ. ૪ કરવા માટે આગેવાની લેવાનુ આશ્વાસન કૃષીપ્રધાન શ્રી શરદ પવારે માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક ના નેતૃત્વ તળે ગયેલા ભારતીય જનતા પક્ષના શિષ્ટમંડળને ગુરૂવારે દિલ્હી ખાતે આપ્યું હતું. શિષ્ટમંડળમાં સાંસદ શ્રી પિયુષ ગોયલ, ધારાસભ્ય શ્રી ચિંતામણ વનગા, મહારાષ્ટ્ર રાજય માછીમાર સહકારી સંઘ ના અધ્યક્ષ શ્રી રાજેંદ્ર મેહેર, શ્રી રામદાસ મેહેર તેમજ બોરીવલી ના નગરસેવિકા શ્રીમતી મનીષા ચૌધરી, વસઈ-વિરાર મહાનગરપાલિકાના નગરસેવક શ્રી રાજન નાઈક, ભાજપ મહારાષ્ટ્ર આઈ ટી સેલના શ્રી વિનીત ગોયંકાનો સમાવેશ હતો. ચર્ચાના સમયે કૃષી મંત્રાલયના સંબંધીત અધિકારીઓ પણ ઉપસ્થિત હતા.

ચર્ચા બાબતે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "માછીમાર સંસ્થાઓને નૅશનલ કોઓપરેટીવ ડેવલપમેંટ કૉર્પોરેશન (એનસીડીસી) તરફથી મહારાષ્ટ્ર સરકારની મારફત જે લોન મળે છે તેની પર લગભગ ૧૩ ટકા વ્યાજ આંકવામાં આવે છે. ૨૦૧૨-૨૦૧૩ ના વાર્ષિક બજેટમાં નાણાં પ્રધાન શ્રી પ્રણવ મુખર્જીએ ખેડૂતો માટે ૭ ટકા વ્યાજદરે લોન આપવાની જાહેરાત કરી, જે ખેડૂતો સમયસર હપ્તા ભરશે તેમને ૩ ટકાની સબસીડી આપવાનું જાહેર કરેલ છે. અર્થાત નિયમીત હપ્તા ભરનારા ખેડૂતોને ૪ ટકા વ્યાજદરે લોન મળશે. માછીમારિ એ દરિયા પર ની ખેતી જ મનાય છે. તેથી માછીમારો ને પણ ૪ ટકા વ્યાજ દરે લોન મળવી જોઈએ તેવી માગણી શ્રી રામ નાઈક અને શ્રી રાજેંદ્ર મેહેરે કરી હતી. કૃષી પ્રધાન શ્રી શરદ પવારે આ માગણી વ્યાજબી હોવાનું કહી નાણાં પ્રધાન સાથે ચર્ચા કરી ૪ ટકા વ્યાજ દરમંજૂર કરવાનું આશ્વાસન આપ્યું છે."

લોન પર ના વ્યાજ દર ની સાથે સાથે ડિઝલ પર પહેલા મળતી સબસીડી બાબતે પણ શિષ્ટમંડળે ચર્ચા કરી. માછીમારોને લાગતા ડિઝલ પર શ્રી રામ નાઈક ની માગણી પરથી જ પહેલી વખત ૧૯૯૦ માં પ્રા.મધુ દંડવતે નાણાં પ્રધાન હતા તે વેળાં 'વિકાસ સબસીડી' ૩૫ પૈસા લિટર દીઠ આપવાની માન્યતા આપવામાં આવી હતી. ત્યારબાદ ડિઝલ ના ભાવ વધારા ને કારણે પેટ્રોલિયમ પ્રધાન હતા તે વેળા શ્રી રામ નાઈકે આ સબસીડી રૂ.૧.૫૦ કરી હતી. ત્યારબાદ ડિઝલ ના ભાવ હજુ વધ્યા તેથી માછીમારોની વતી રૂ. ૪ ની સબસીડી આપવાની માગણી કરવામાં આવી હતી. તે માગણી ને પ્રતિસાદ આપતા ૧૯ ફેબ્રુઆરી ૨૦૦૯ ના અગ્યારમી પંચવાર્ષિક યોજના ના સમયગાળા માટે અર્થાત કે ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ આ વર્ષ માટે રૂ.૩ ની સબસીડી આપવાની ભારત સરકારે માન્યતા આપી. પરંતુ તેમાં એક શરત મૂકી ગરીબી રેખા તળે ના માછીમારો ને આ સબસીડી મળશે તેમ કહ્યું. જેમની પાસે માછીમારીની ડિઝલ બોટ છે તે ગરીબી રેખાની નીચે હોઈ જ

..૨..

ન શકે તે બાબત શ્રી રામ નાઈકે કૃષી પ્રધાન, નાણાં પ્રધાન તેમજ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ ના ધ્યાનમાં લાવી. છતાંયે તેમણે આ શરત માં ફેરફાર ન કરતા પાછલા પાંચ વર્ષ થી માછીમારોને સબસીડી જ મળતી નથી. આ બાબત ચર્ચા માં લાવી ભાજપ શિષ્ટમંડળે કૃષી પ્રધાન શ્રી શરદ પવાર ના ધ્યાનમાં લાવતા ફરી વધેલા ડિઝલના ભાવો ના કારણે સબસીડી રૂ. ૪ કરવાની માગણી કરી. તે બદલ પ્રતિસાદ આપતા આ વિષય ફરી એક વખત વડા પ્રધાન અને નાણાં પ્રધાન સાથે ચર્ચા કરી ડિઝલ પરની સબસીડી ઓછા માં ઓછી ૨૦૧૨-૧૩ વર્ષથી શરૂ થનાર બારમી પંચવાર્ષિક યોજના થી શરૂ કરવાનો પ્રયત્ન કરીશ તેવું આશ્વાસન કૃષી પ્રધાન શ્રી શરદ પવારે આપ્યું તેમ શ્રી રામ નાઈકે કહ્યું છે.

દરિયાકાંઠાનું પાણી પ્રદુષિત થયું હોવાથી માછીમારોને રાજય સરકારની કાર્યકક્ષામાં આવેલ ૧૨ નૉટિકલ માઈલ ની પેલી બાજુ જઈ હવે દરિયા માં માછીમારી કરવી પડે છે. પરંતુ ૧૨ નૉટિકલ માઈલની પેલી તરફના એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન (ઈઈઝેડ) માં અનેક વખત માછીમારો નો આપસમાં અથવા તો અન્યો સાથે સંઘર્ષ થતો હોય છે, તે માટે કોઈ પણ કાયદો અસ્તિત્વમાં નથી. આ પ્રકારનો કાયદો કરવા માટે જૂદાજૂદા મંત્રાલયોમાં ચર્ચા ચાલૂ હોવાનું કૃષી પ્રધાન શ્રી શરદ પવારે ૧૭ માર્ચ ૨૦૦૯ ના શ્રી રામ નાઈકને પત્ર દ્વારા જણાવ્યું હતું. તે કાયદાનું શું થયું તેવો પ્રશ્ન શિષ્ટમંડળે ઉપસ્થિત કર્યો ત્યારે ગૃહ ખાતા પાસેથી હજૂ સૂધી નિર્ણય આવ્યો ન હોવાનું શ્રી શરદ પવારે જણાવ્યું હતું. તજ પ્રમાણે 'દરિયા પરનો કાયદો અને વ્યવસ્થા' આ પ્રશ્ન ગંભીર હોવાથી તેનું નિરાકરણ કરવાની દૃષ્ટિએ અગ્રતાક્રમ આપવાનું આશ્વાસન પણ શ્રી શરદ પવારે આપ્યું હતું, તેમ પણ અખબારી યાદી ના અંતે શ્રી રામ નાઈકે કહ્યું છે.

**(કાર્યાલય સચિવ)**